

# મોદી સરકારનું સમતોલ અંદાજપત્ર

**નાણાં મંત્રી અરૂણ જેટલી દ્વારા અનેક અપેક્ષાઓની વચ્ચે તેમનુ પ્રથમ બજેટ રજૂ : ટેક્સ રેટ યથાવત, મુક્તિ મર્યાદામાં વધારો કરાયો : સંરક્ષણ તેમજ વિમા ક્ષેત્રમાં ૪૯ ટકા એફડીઆઈને બહાલી આપી દેવાઈ : અમદાવાદ અને લખનૌમાં મેટ્રો માટે ૧૦૦ કરોડ : પીપીએફ મર્યાદા વધી : વન રેન્ક વન પેન્શન માટે ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી**

નવી દિલ્હી,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક દેશભરના લોકો, શેરબજાર અને ઉદ્યોગજગત દ્વારા રાહ જોવામાં આવી રહી હતી તે સામાન્ય બજેટ આજે નાણામંત્રી અરૂણ જેટલીએ રજૂ કર્યું હતું. વર્ષ ૨૦૧૪-૧૫ માટેનું બજેટ રજૂ કરતા જેટલીએ શ્રેણીબદ્ધ રાહતો જુદા જુદા ક્ષેત્રો માટે જાહેર કરી હતી જેમાં કૃષિ, ઉદ્યોગ, સંરક્ષણનો સમાવેશ થાય છે. જેટલીએ પગારદાર વર્ગ માટે પણ કેટલીક રાહતો જાહેર કરી હતી. જેટલીએ વ્યક્તિગત કરદાતાઓને રાહત આપવા આવકવેરા મુક્તિને મર્યાદાને બે લાખથી વધારીને ૨.૫ લાખ કરી હતી જ્યારે સિનિયર સિટિઝનો માટે આ મર્યાદા ત્રણ લાખ કરવામાં આવી છે. ટેક્સ રેટ યથાવત રાખવામાં આવ્યા છે. નાણામંત્રીએ કરવેરાની જાળને વધુ વિસ્તૃત બનાવી હતી. સર્વિસ ટેક્સ માટેની નેગેટિવ યાદીની સમીક્ષા કરવામાં આવી છે. ફુડપેકેજ માટે એક્સાઈઝ ડ્યુટીને

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


'પત્રો' એટલે માણસ પોતાની પાછળ મૂકી જઇ શકે તેવું સૌથી વિશિષ્ટ સ્મારક

- સેમ્યુઅલ જહોનસન

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૧ | ૧૧ જુલાઇ, ૨૦૧૪, શુક્રવાર; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

**શાહિદ કપૂર લંડનમાં પરફોર્મન્સ આપશે**



અભિનેતા શાહિદ કપૂર આવતા મહિને લંડનમાં તેના ચાહકો માટે એક પ્રોગ્રામમાં તેના હીટ ગીતો પર પરફોર્મન્સ આપવાનો છે. શાહીદે તેની કારકિર્દી શામક દાવરના બેકગ્રાઉન્ડ ડાન્સરથી કરી હતી. ૩૩ વર્ષનો અભિનેતા આવતા મહિન લંડનના ઓર એરેના ખાતે પરફોર્મ કરશે.

**બ્રિટનની પાર્લામેન્ટરીમાં ગાંધીની પ્રતિમા મુકાશે**

બ્રિટનના વિદેશ સચિવ અને



નાણા સચિવ દ્વારા જાહેર કરાયું છે કે બ્રિટનના પાર્લામેન્ટ સ્કવેરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા મુકવામાં આવશે. તેઓએ જણાવ્યું હતું કે જયારે તેઓએ દિલ્હીના ગાંધી સ્મૃતિની મુલાકાત લીધી હતી ત્યારે જ તેમણે નક્કી કર્યું હતું કે ગાંધીજીની પ્રતિમા બ્રિટનમાં મુકવામાં આવશે.

# આજકાલમાં વરસાદના એંધાણ



## સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદનું આગમન

## વાદળોની જમાવટ આગળ વધશે તો ગાંધીનગર - અમદાવાદ ભીંજાશે

ગાંધીનગર, તા.૧૦

વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહેલા ગાંધીનગરાઓ માટે રાહતના સમાચાર છે. મુંબઈ અને મહારાષ્ટ્ર પર છવાયેલી વાદળોની જમાવટ આગળ વધે તો ગાંધીનગર - અમદાવાદમાં એકાદ-બે દિવસમાં વરસાદ પડવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ શરૂ થઈ ગયો છે.

ગાંધીનગરાઓ હવે પ્રથમ વરસાદમાં ભીંજાવવા તલપાપડ બન્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી આકરી ગરમીથી છૂટકારો મેળવવા ગાંધીનગરાઓ તત્પર બન્યા છે.

ચોમાસાને એકાદ મહિનો થઈ ગયો હોવા છતાં ગુજરાતમાં મેઘરાજાની યોગ્ય રીતે એન્ટ્રી થઈ ન હોવાથી દુષ્કાળનો ભય વ્યક્ત થવા લાગ્યો છે ત્યારે હવામાન વિભાગે નવી આશા જન્માવી છે. ગુજરાતમાં ૧૫મીથી વરસાદનો દોર શરૂ થવાની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં જૂનાગઢ સિવાય એકપણ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ થયો નથી અને સર્વત્ર ૬૦ થી ૯૦ ટકા સુધીની ખાદ્ય છે તેવા સમયે હવામાન વિભાગના ડાયરેક્ટરશ્રીએ કહ્યું છે કે, આગામી ૧૫મીથી ગુજરાતમાં ચોમાસું જામવા લાગશે. બંગાળની ખાડીમાં લો-પ્રેસર આકાર લઈ રહ્યું છે અને તેનાથી ગુજરાતમાં વરસાદ વરસવાની શક્યતા છે.

આ સિવાય દક્ષિણ મહારાષ્ટ્રના કાંઠાથી માંડીને કેરળના કાંઠા સુધી ઓફશોર ટ્રક સક્રીય બન્યું છે. જોકે, ગુજરાત - કેરળ વચ્ચે ટ્રક સક્રિય બન્યું નથી છતાં તેનાથી સીસ્ટમ સક્રીયથવાના સંકેત મળે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વ્યાપક વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગે ૧૫મીથી ચોમાસાનો વરસાદ જામવા લાગવાની આગાહી કરી છે જ્યારે ખાનગી હવામાન એજન્સી જો કે તે સાથે સંમત નથી. અરબી સમુદ્રમાં હજુ યોગ્ય સીસ્ટમ બંધાતી ન હોવાને કારણે હજુ થોડી વધુ રાહ જોવી પડશે અને ૧૭મી જુલાઈ ફરી જ મેઘરાજાનું આગમન થવાનો દાવો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય હવામાન વેબસાઈટમાં પણ ૧૭મી જુલાઈ પછી વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

ભારતીય હવામાન ખાતાએ ૧૫મીથી વરસાદ પડવાની આગાહી કરવાની સાથો સાથ એમ પણ કહ્યું છે કે, વરસાદનો આ સ્પેલ કદાચ લાંબો નહીં ચાલે. દરિયાઈ સિસ્ટમની તાકાતના આધારે વરસાદનો આ સ્પેલ નક્કી થશે.

હવામાન ખાતાના ડાયરેક્ટર જયંતા સરકારે એમ કહ્યું કે, અરબી સમુદ્રમાં સિસ્ટમ બંધાવાની ગતિ ઘણી ધીમી છે એટલે વરસાદમાં ઢીલ છે. ૧૫મી સુધી અમુક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડશે.

વરસાદ આવતા હજુ પાંચ - છ દિવસ થઈ જાય તેમ હોવા છતાં ઉષ્ણતામાનમાં ઘટાડો થશે એટલે આકરી ગરમીમાંથી લોકોને રાહત મળશે.

# ગુજરાતનું વિકાસ મોડેલ દેશ અને દુનિયાએ સ્વીકાર્યું

**સ્પષ્ટ નીતિ અને શ્રેષ્ઠ અમલીકરણ જ ગુજરાતની સફળતા છે : દાયકમાં રાજ્યના પ્લાન બજેટમાં પાંચ ગણો વધારો, નોન પ્લાનમાં અંદાજે બમણો વધારો : વિધાનસભામાં અંદાજપત્ર ઉપરની ચર્ચાનો સૌરભ પટેલે જવાબ અપાયો**

ગાંધીનગર, તા.૧૦

રાજ્યના નાણામંત્રી સૌરભ પટેલે વિધાનસભા ગૃહમાં અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચાનો પ્રત્યુત્તર પાઠવતા જણાવ્યું હતું કે, સમાજના પ્રત્યેક વર્ગની કાળજી લેતા આ વર્ષના અંદાજપત્રથી ગુજરાત માટે અચ્છે દિન આયે હૈ તેમ કહી શકાય.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાતનું વિકાસ મોડેલ દેશ અને દુનિયાએ સ્વીકાર્યું છે. દેશવાસીઓએ પણ પોતાનું સમર્થન આપ્યું છે.

આ વર્ષના અંદાજપત્ર વિશે બોલતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે, આ અંદાજપત્ર મહિલા સશક્તિકરણ, રોજગાર સર્જન અને વંચિતોના વિકાસને વરેલું સંપૂર્ણ પ્રજાલક્ષી બજેટ છે. ગુજરાતનાન સર્વાંગી વિકાસના કારણને સ્પષ્ટ કરતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે, સ્પષ્ટ નીતિ, શ્રેષ્ઠ અમલીકરણ અને સામાજિક ક્ષેત્રને મહત્તમ લાભ એ જ ગુજરાતની સફળતા છે. રાજ્યની નાણાંકીય શિસ્ત અને સુવ્યવસ્થાપનના કારણે જ ગુજરાત રાજ્ય આજે શ્રેષ્ઠ આર્થિક વિકાસ કરી રહ્યું છે. આ અંગે સ્પષ્ટ ઉદાહરણ આપતા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્યનો પ્લાન અને નોન પ્લાન ખર્ચ અનુક્રમે રૂ. ૯૪૯૦ કરોડ અને રૂ. ૨૯૬૦૮ કરોડ હતો જેની સામે વર્ષ ૨૦૧૩-૧૪માં તે અનુક્રમે રૂ. ૫૬૬૧૨ કરોડ અને રૂા. ૬૧૩૨૬ કરોડ થયો છે. આમ, રાજ્યના પ્લાન બજેટમાં પાંચ ગણો વધારો કર્યો છે જ્યારે નોન પ્લાનમાં અંદાજે બમણો વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪-૦૫માં મહેસુલી આવક રૂા. ૧૨૯૫૯ કરોડ હતી જેની સામે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૬૦૨૦૮ કરોડ એટલે કે પાંચ ગણો વધારો થયો છે. રાજ્યના કુલ દેવાની વાત કરતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્યનું કુલ દેવું મહેસુલી આવકના ૨.૮૬ ગણું હતું. જે વર્ષ ૨૦૧૩-૧૪માં ઘટીને

● અનુસંધાન પાન-૭ પર

## દેશવાસીની આશા પૂર્ણ કરનારૂં બજેટ : મુખ્યમંત્રીની પ્રતિક્રિયા

ગાંધીનગર, તા.૧૦

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે રજુ કરેલા બજેટને દેશની જનતાની વર્ષોની નિરાશા દૂર કરી સૌના સાથે સૌના વિકાસને ચરિતાર્થ કરનારૂં સર્વસમાવેશક સર્વાંગીણ વિકાસલક્ષી બજેટ તરીકે આવકાર્યું છે. મુખ્યમંત્રીએ નાણામંત્રી અરૂણ જેટલીએ સંસદમાં આજે પ્રસ્તુત કરેલા ૨૦૧૪-૧૫ના અંદાજપત્રને આગામી પાંચ વર્ષમાં ભારતની વૈશ્વિક શાખ પ્રતિષ્ઠાની પુનઃસ્થાપનાનું દિશાદર્શન કરાવનારૂં, દરેક ભારતવાસીનું પોતાનું બજેટ ગણાવતા કહ્યું કે, સત્તા સંભાળ્યાના માત્ર ૪૫ દિવસમાં રજુ થયેલ આ બજેટ મિનીમમ ગર્વમેન્ટ મેક્સીમમ ગર્વનન્સની ભાજપ શાસનની પ્રતિબધ્ધતા દર્શાવે છે. આનંદીબેન પટેલે જણાવ્યું કે,

● અનુસંધાન પાન-૭ પર


કલાર્ક / કોન્સ્ટેબલ / તલાટી : વર્ગ-3 માટે જ ખાસ

માસ્ટર કોર્ષ-2014

4 માસનો અભ્યાસક્રમ | ગુજરાતી / અંગ્રેજી / ગણિત / બુદ્ધિ ચાતુર્ય / સામાન્ય જ્ઞાન | સંપૂર્ણ અભ્યાસ સાહિત્ય FREE

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | સાંજના 4-30 થી 6-00 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 11.07.2014 | સાંજના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 15.07.2014 | બપોરના 12-15 થી 1-45 | સોમ થી શુક્ર |

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર 9537614606 | પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

પ્રથમ માળ, સિરાગ પ્લાઝા, આયંન વર્લ્ડ વાઇડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) | મહેસાણા 9537614607

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 9-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

ઓફીસ નં. 229, 230, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

BANK CLERK (IBPS)

શોર્ટકટ સાથે સ્પીડ & એક્યુરસીનું શિક્ષણ | 4 માસનો અભ્યાસક્રમ

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)

| શાખા | બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|
| પેથાપુર શાખા માટે | 18.07.2014 | બપોરના 2-45 થી 4-15 | સોમ થી શુક્ર |
| ગાંધીનગર શાખા માટે | 17.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| મહેસાણા શાખા માટે | 21.07.2014 | સવારના 10-30 થી 12-00 | સોમ થી શુક્ર |



...Monsoon Sale...

સેલ | 100% Genuine | from 13.7.2014 Sunday

ગાંધીનગરનો એક માત્ર બાળકોના કપડાનો અદ્યતન શો-રૂમ જ્યાં આપને મળશે બાળકો માટે લેટેસ્ટ સ્ટાઈલ અને બ્રાન્ડના કપડા તથા જીયાણાની આઈટમો

KiDZ'style

114, 1st Floor, Haveli Arcade, Nr. Radhe Sweets, Sector-11, G'nagar.



Rotary | રોટરી કલબ ઓફ ગાંધીનગર (RI District 3051, 2014-15) અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર આયોજિત

Program Supported By KALPA-TARU Power Transmission Limited



કેન્દ્રીય અંદાજપત્ર ૨૦૧૪ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન

તારીખ : ૧૪ જુલાઇ, ૨૦૧૪. સોમવાર । સમય : સાંજે ૬.૩૦ થી ૮.૩૦

સ્થળ : શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર - ૨૩, ગાંધીનગર

છેલ્લા ૧૨ વર્ષથી રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યું નિમંત્રણ છે

વક્તા : શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ

ખાસ નોંધ : સાંજે ૬.૨૦ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે